-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

જિલ્લો : નવસારી, તાલુકો : જલાલપોરના મોજે ગામ : દાંતીના જુના બ્લોક/સર્વે નં. ૧૧૨, નવા બ્લોક/સર્વે નં. ૧૨૦, ખાતા નં. ૧૯૮ થી નોંધાયેલી સુમારે હે.આરે. ૧-૨૯-૦૯ ચો.મી. ક્ષેત્રફળ, જેનો આકાર રૂા. ૨.૮૦ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તેના માલિકો ખંડુભાઇ રમણભાઇ વિગેરે તમામ જમીનો માલિકોએ તેઓની માલિકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ જમીન અંગે બિનખેતીની પરવાનગી મેળવી આપી મારા અસીલને તમામ બોજારહિત તથા તમામ ક્લિયર અને માર્કેટેબલ ટાઇટલથી વેચાણ આપવા નક્કી કરેલ છે. તેથી સદરહુ જમીનમાં જે કોઈ વ્યક્તિ, બેંક યા સંસ્થાનો કોઇ પણ જાતનો લાગભાગ, હક્ક, હીત, હિસ્સો, દરદાવો, કબજાના, સાટાખતના યા બીજા કોઈ પણ રીતના હક્ક હોય તેણે આ નોટિસ પ્રસિદ્ધ થયેથી દિન-૭ માં પુરાવા સહિત મને લેખિતમાં જાણ કરવી. મુદત વિત્યે કોઈના કોઈ પણ પ્રકારના હક્ક, હિત, હિસ્સા, લાગભાગ યા દરદાવો કે બીજી કોઈ પણ રીતનો હક્ક નથી અને હોય તો તે છોડી દીધા છે તેમ ગણી મારા અસીલ તમામ વ્યવહાર પૂર્ણ કરી પાકા દસ્તાવેજો કરાવી લેશે. તે બાદ કોઈની તર-તકરાર ધ્યાને લેવાશે નહીં તેની નોંધ લેવી.

મિતેશ બી. મોદી તે ખરીદનારના એડવોકેટ
ઠે. ૭૯, ગાંધી હાઉસ, નર્મદનગર, આદર્શ ભવનની પાસે, સુરત ટેનીસ કલબની ગલીમાં, અઠવાલાઇન્સ, સુરત. મો. નં. ૯૯૭૯૪ ૫૪૦૯૪

મોજે ભામૈયા ના બ્લોક નંબર ૨૦૭/બ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

જીલ્લા સુરત ના તાલુકા બારડોલીના ગામ **મોજે ભામૈયા** ના રેવન્યુ સર્વે નંબર ૨૧૭, ૧૪૯/૧, ૨૨૧, ૨૨૨, ૨૧૯/૧, ૧૧૨, બ્લોક નંબર ૨૦૭/બ વાળી હે. આરે. ૦–૪૪–૦૦ ચો.મી. અને આકાર રૂા. ૯.૭૮ પૈસા ધરાવતી મુળ જુની શરતની ખેતી જમીન તેના મુળ ખેડુત/માલિક/કબજેદાર **દિપકકુમાર શાંતિલાલ પટેલ**ની સ્વતંત્ર માલીકીની ચાલી આવેલ છે. સદરહું જમીન તેઓની સ્વતંત્ર માલીકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ–વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી તમામ પ્રકારના બોજા રહિત હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/ હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત દીન–૭ માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી. મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે. એમ માની લઈ મારા અસીલ મજકુર માલીકો સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો મજકુર માલીકો પાસેથી કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી. તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી. તા. ૧૫/૧૦/૨૦૨૬

૨૧૩, રાજદીપ કોમ્પલેક્ષ,
સીગણપોર ચાર રસ્તા,
વેડરોડ, કતારગામ રોડ, સુરત.
મો.નં. ૯૭૩૭૩ ૭૪૩૭૨

દિનેશ ડી. લખાણી
(એડવોકેટ)
(અસીલની સુચના અને ફરમાઈશથી)

વેચાણ અંગે જાહેર નોટીસ

મોજે ગામ અંભેટીના બ્લોક નં.૧૫૦ વાળી ખેતીની જમીન અંગે

સુરત ડિસ્ટ્રીકટ, તાલુકા પલસાણા, મોજે ગામ અંભેટીના રે.સર્વે નં.૧૩૦/૪, બ્લોક નં.૧૫૦, જેનું ક્ષેત્રફળ સુમારે ૨૫૨૯.૦૦ ચો.મી. છે તે ખેડખાતાની ખેતીની જમીનના એકલા સ્વતંત્ર, સંપુર્ણ માલીક મુખત્યાર કબજેદાર ભાવેશભાઈ ગોપાળભાઈ આહિર ચાલી આવેલા હોવાનું તથા સદરહુ જમીનના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી તેઓએ સદરહુ જમીન અમારા અસીલને તમામ બોજાથી મુકત ટાઈટલ કલીયર વેચાણ આપવાનું નક્કી કરેલ છે. આથી સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના ચાર્જ, બોજો, લીયન યા કોઈપણ જાતના હક્ક હિત, હિસ્સો, લાગભાગ યા ઈઝમેન્ટ રાઈટ્સ હોય તો તે અંગેના લેખિત પુરાવા આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં નીચે જણાવેલ ઠેકાણે રજુ કરવા, જો તેમ કરવામાં કસુર થશે તો સદરહુ જમીન ઉપર કોઈના કોઈપણ જાતના હક્કો નથી અને હોય તો તે જતા કર્યા છે તેવું શુધ્ધબુધ્ધિપુર્વક માનીને સદરહુ જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ તથા જરૂરી લખાણો અમારા અસીલ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ તર–તકરાર ચાલશે નહી, જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૫/૧૦/૨૦૨૬
ઠેકાણું : બી/૭૦૭–૭૦૮, તિરૂપતિ પ્લાઝા,
ફેમિલી કોર્ટની સામે, નાનપુરા, સુરત.

ઝીણાભાઈ જી. પટેલ
કિંજલ જે. વર્મા
તે ખરીદનારના એડવોકેટ્સ

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

આથી જાહેર જનતાને જણાવવાનું કે ડી.સુરત, તા.ચોરાસી, **મોજે ગામ : ખંભાસલા**ના રેવ.સર્વે નં.૬૦/૨, ૬૧/૧, **બ્લોક નં.૯૪/અ**, જેનું **કુલ ક્ષેત્રફળ હે.૧–૨૨–૪૨** પ્રતિ આરે ચો.મીટર વાળી જુની શરતની ખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના હરકોઈ પ્રકારનાં હકક સહિતની ખેતીની જમીન **(૧) ભારતીબેન બિપીનચંદ્ર પટેલ, (૨) હિના બિપીન પટેલ મિસ્ત્રી, (૩) સેજલ તે બિપીનચંદ્ર પટેલની પુત્રી તથા નીલ ગાંધીની પત્ની, (૪) સંદીપ બિપીન પટેલ** નાએ તેઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલ વાળી હોવાનું જણાવીને મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહુ જમીનમાં કોઈના કંઈપણ પ્રકારના લખાણ કે કંઈપણ પ્રકારનો લાગભાગ, દરદાવો, હકક, હિત, હિસ્સો કે ઈઝમેન્ટનો, બોજાનો, સંપાદનનો કે અન્ય તરહનો કોઈ હકક હિત હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં અમારી ઓફીસે લેખીતમાં પુરાવા સાથે વાંધાઓ રજુ કરવા, જો તેવા કોઈ વાંધા નિયત સમયમર્યાદા દરમ્યાન નહી આવે તો કોઈનાં પણ હકક દાવાઓ કે વાંધાઓ નથી અને જો હોય તો તેમણે જતા કરેલા યાને વેવ કરેલા છે, તેવુ સમજી મારા અસીલ સદર જમીન અંગેના ઉપરોક્ત જમીન માલીકો સાથેના વેચાણ વ્યવહારો પુર્ણ કરી સદર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર કે વાંધો વિરોધ ચાલશે નહી. તેમજ મારા અસીલની કોઈપણ જાતની આર્થીક કે કાનુની જવાબદારી રહેશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસ :– ૨૦૨ થી ૨૦૪, રોયલ આર્કેડ,
કેનરા બેંકની બાજુમાં, ગીતાજંલી–એફીલ ટાવર રોડ,
વરાછારોડ, સુરત. મો.નં. ૯૯૦૪૮–૦૮૨૮૩

નિકુંજ એમ. માંગુકીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટીકટ સીટી તાલુકાના શહેર સુરતનાં મોજે : અલથાણના રેવન્યુ સર્વે નંબર : ૫૦/૧, બ્લોક નંબર : ૫૯, ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નંબર : ૩૬, મુળ ફાઈનલ પ્લોટ નંબર : ૧૧ હાલના ફાઈનલ પ્લોટ નંબર : ૯૬ વાળી જમીનમાં પાડવામાં આવેલા ''શગુન પ્લોટ્સ'' ના નામથી ઓળખાતા પ્લોટો પૈકી પ્લોટ નંબર : ૭ જેનું ક્ષેત્રફળ ૨૧૮.૧૮ ચો.વાર યાને ૧૮૨.૪૨.૦૨ ચો.મી. છે તે પ્લોટ તથા કોમન રસ્તાની જમીનમાંના વગર વહેંચાયેલા પ્રમાણસરના ફાળે પડતાં અવિભાજય હિસ્સાની જમીન સહિત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકક, અધિકાર સહિતની મિલ્કત તેના માલિક નીતુકુમારી શિવ શંકર વિશ્વકર્માનાએ પોતાની સ્વતંત્ર માલીકી કબજા, ભોગવટા હેઠળની તથા ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનું નકકી કર્યુ છે. તેથી સદરહુ જમીનમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન–૭(સાત) માં અમોને પુરાવા સહિત લેખિતમાં જાણ કરવી. જો તેમ કરવામાં કસૂર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ મિલ્કતમાં કોઈપણ વ્યકિત કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોત હકક નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધો છે. તેમ માની લેવામાં આવશે અને હમારા અસીલ નાણાંકીય વ્યવહાર કરી પાકા દસ્તાવેજો લખાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે હકક દાવો ચાલશે નહી, જેની નોંધ લેવી. તા. ૧૫/૧૦/૨૦૨૬

હિતેશ જે. પટેલ
(એડવોકેટ એન્ડ નોટરી)
મો.નં. ૯૭૨૬૮ ૮૮૧૮૮

અમર બી. જરીવાલા
એડવોકેટ
મો. ૯૦૧૬૨૫૬૨૯૯

યશ કે. જરીવાલા એડવોકેટ
તે ખરીદનારના એડવોકેટ્સ
ઓફીસ : એફ/૯-૧૦, સુધન કોમ્પલેક્ષ, અલથાણ રોડ, સુરત.

ગામ : આસ્તાનાં બ્લોક નં.૧૩૨, ૧૩૩, ૧૩૫, ૧૩૬, ૧૩૭, ૧૩૯, ૧૫૩, ૧૫૭, ૧૫૮, ૧૫૯, ૧૬૧ તથા ૧૬૯ વાળી બિનખેતીની જમીનોનાં વેચાણ અંગેની જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેલ તે નોટીસ સંદર્ભેનો જવાબ / ખુલાસો / ચેતવણી

આથી જાહેર જનતાને જણાવવાનું કે, ઉપર જણાવેલ તારીખે ધર્મેશ એ. ચપટવાલા તે ખરીદનારનાં એડવોકેટ તરીકે ગુજરાતમિત્ર, સુરતમાં દૈનિક વર્તમાન પત્રમાં આપવામાં આવેલ તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજની જાહેર નોટીસમાં જી.ભરૂચ, તા.હાંસોટનાં મોજે ગામ આસ્તાનાં બ્લોક નં.૧૩૨ (જુનો બ્લોક નં.૧૩૯) વાળી ૧૦૧૭૯ ચો.મી., બ્લોક નં.૧૩૩ (જુનો બ્લોક નં.૧૪૦) વાળી ૯૫૪૨ ચો.મી., બ્લોક નં.૧૩૫ (જુનો બ્લોક નં.૧૪૩) વાળી ૪૯૨૮ ચો.મી., બ્લોક નં.૧૩૬ (જુનો બ્લોક નં.૧૪૨) વાળી ૧૬૫૦૩ ચો.મી., બ્લોક નં.૧૩૭ (જુનો બ્લોક નં.૧૪૫) વાળી ૫૪૧૬ ચો.મી., બ્લોક નં.૧૩૯ (જુનો બ્લોક નં.૧૪૭) વાળી ૩૩૧૦ ચો.મી., બ્લોક નં.૧૫૩ (જુનો બ્લોક નં.૧૪૪) વાળી ૧૦૨૦૦ ચો.મી., બ્લોક નં.૧૫૭, (જુનો બ્લોક નં.૧૬૭) વાળી ૨૨૨૦૦ ચો.મી., બ્લોક નં.૧૫૮ (જુનો બ્લોક નં.૧૬૯) વાળી ૧૧૧૦૫ ચો.મી., બ્લોક નં.૧૫૯ (જુનો બ્લોક નં.૧૬૮) વાળી ૧૧૦૪૯ ચો.મી., બ્લોક નં.૧૬૧ (જુનો બ્લોક નં.૧૬૬) વાળી ૧૮૦૬ ચો.મી., બ્લોક નં.૧૬૯ (જુનો બ્લોક નં.૧૬૬) વાળી ૯૯૪૮ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી બિનખેતીની ખુલ્લી જમીનો તેનાં માલીક LIBERTY NATURAL WEAVES PRIVATE LIMITED વતી અને તરફે તેનાં ઓથોરાઈઝ ડિરેક્ટર, કરિશ્મા દિનેશ ધનકાનીએ પોતાની માલિકીની અને કબજા ભોગવટાની ચાલી આવેલ છે, તે જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ વકીલશ્રી ધર્મેશ એ. ચપટવાલા એ તેઓના અનામી અસીલના કહેવાથી તા.૦૧/૦૯/૨૦૨૬ ના રોજ ગુજરાત મિત્ર દૈનિક ન્યુઝ પેપરમાં આપેલ હતી, જે વેચાણ અંગેની જાહેર નોટીસનો જાહેર જવાબ છે કે સદરહું જમીન અમોના અસીલોએ સોદાચિઠ્ઠીથી તારીખ : ૨૩/૦૧/૨૦૧૫ ના રોજ મુળ જમીન માલીકો પાસેથી ખરીદ કરેલ છે અને જે અંગે જણાવવાનું કે, સદર સોદાચિઠ્ઠી હાલમાં ચાલુ છે યાને કે કન્ટીન્યુ છે, જેથી આ જાહેર જવાબ આપી જણાવવાનું કે, સદરહુ જમીન અંગે અમારા અસીલોની લેખિત સંમતિ વગર કોઈપણ વ્યક્તિ સાથે કોઈપણ જાતના વેચાણ કે ટ્રાન્સફર અંગેના લખાણો, કરાર કરવા કરાવવા નહી અને કરશે તો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી અને અમારા અસીલ આવા લખાણો, કરારો વિરૂધ્ધ કાયદેસરના ફોજદારી રાહે દીવાની રાહે પગલાં ભરશે.

જેથી આ નોટીસ સંદર્ભેનો જવાબ / ખુલાસો / ચેતવણી આપી જણાવવાનું કે, સદરહુ ઉપરોકત જમીન અંગે હમારા અસીલોની સહી-સંમતિ વિના કહેવાતા માલિકો સાથે કોઈપણ જાતનો વ્યવહાર કરવા-કરાવવા નહી, વ્યવહાર કરનારને કોઈ હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહી તથા કોર્ટ પ્રકરણો સિવાય કશું પ્રાપ્ત થશે નહી તેમજ હમારા અસીલો વ્યવહાર કરનાર વિરૂધ્ધ દિવાની, રેવન્યુ તેમજ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરશે, જેની ગંભીર નોંધ લેવી.

મારી મારફત - **દિપેશ દલાલ** - એડવોકેટ
ઓફિસ : ૫૦૮,અવધ કોન્ટીના, લુથરા સર્કલ, વી.આઈ.પી. રોડ,વેસુ,સુરત
મો.નં. ૯૮૨૫૧૨૩૦૪૬

ટાઈટલ કલીયર અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ સબ ડીસ્ટ્રીકટ તાલુકા કામરેજના મોજે ગામ કામરેજના રે.સર્વે નં. ૩૬૬, બ્લોક નં. ઉપર વાળી બિનખેતીની જમીનમાં આવેલ **પરમધામ સોસાયટી**માં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નં. ૮૬** વાળી મિલકત **બામ્બા ભરતભાઈ પિઠાભાઈ તથા બામ્બા માયાબેન ભરતભાઈ**એ તેના માલિક **મહેન્દ્રભાઈ નનકુભાઈ વાડદોરીયા** પાસેથી તા. ૦૧.૦૯.૨૦૨૬ના રોજના સાટાખતની રૂએ વેચાણ રાખનાર હોવાનું જણાવી તેમજ સદરહુ મિલકતના **હિતેશભાઈ રામજીભાઈ વાડદોરીયા તથા મહેન્દ્રભાઈ નનકુભાઈ વાડદોરીયા**ના નામે થયેલ **દસ્તાવેજ નં. ૮૫૪૬, તા.૩૦.૦૭.૨૦૧૩ તથા સુધારાના દસ્તાવેજ નં. ૧૨૯૫૯, તા.૦૬.૧૨.૨૦૧૩ ની અસલ રજીસ્ટ્રેશન રસીદ** ગુમ થયેલ હોવાનું જણાવી હમારી પાસે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે અને તેઓ સદર મિલકત બેંક ઓફ બરોડાને ગીરો આપનાર છે તથા તેના અસલ દસ્તાવેજોનો કબજો બેંકને સુપ્રત કરનાર છે. જેથી તે અંગે કોઈનો કોઈ પણ પ્રકારના હકકો લાગભાગ, દરદાવો, યા વાંધો કે તકરાર હોય તો તેઓએ આ નોટીસ પ્રસીધ્ધ થયેથી **દિન–૭** માં હમોને લેખિત પુરાવા સહીત રૂબરૂ મળવું. મુદત વીત્યે મજકુર કોઈના કોઈ પણ જાતના હકકો કે વાંધા નથી યા છોડી દીધા છે. તેમ માની ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યુ કરવામાં આવશે અને બેંકનો સદર મિલકત ઉપર પ્રથમ ચાર્જ ગણાશે. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફીસઃ સી/૩૦૬, ત્રીજો માળ,
સફાયર બિઝનેશ હબ, મધુવન સર્કલ પાસે,
ગેલેક્ષી સર્કલ રોડ, અડાજણ, સુરત મો.નં. 9377724939

દિવ્યેશ એચ. ભટ્ટ
એડવોકેટ એન્ડ નોટરી

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ, તાલુકો : ઉધના (સીટી ચોર્યાસી), **મોજે : ઉધના** માં આવેલ **"ધી ઉધના ઉધોગનગર સહકારી સંઘ લી."** માં આવેલ **રે.સ.નં.૧૪૦ થી ૧૫૦+૧૬૬** પૈકીની જમીનમાં આવેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટો/શેડો પૈકી **રોડ નં.૧૧** ઉપર આવેલ **પ્લોટ/શેડ નં. એ/૨૧/૨૧** થી નોંધાયેલ સુમારે **૬૨૯.૬૦ ચો.મી.** યાને સુમારે ૭૫૩.૦૦ ચો.વાર. જમીન તથા તે ઉપર સુમારે ૫૯૧.૭૨ ચો.મી. કાર્પેટ યાને સુમારે **૭૧૦.૦૬૪ ચો.મી.** બિલ્ટઅપ બાંધકામવાળી મિલકત તથા ઉધના ઉધોગનગર સહકારી સંઘના સભ્યપદ શેર- સર્ટીફીકેટ સહીતની મિલકત તથા **પ્લોટ નં. એ/૨૧/૨૧ તથા પ્લોટ નં એ/૨૧/૮** ની વચ્ચે આવેલ સુમારે ૬૦ ફૂટ X ૭.૬ ફૂટ યાને સુમારે ૫૦ ચો.વાર. યાને **૪૧.૮૦૫ ચો.મી.** માપ વિસ્તારવાળી ખુલ્લી જમીન **ધી પ્રાઈમ કોર્પોરેશન ભાગીદારી પેઢી** ના ભાગીદાર **રૂષિ પ્રવિણચંદ્ર રસકપુર, દેવાંગ દિનેશકુમાર રસકપુર, જુતિકાબેન રાકેશભાઈ રસકપુર** નાઓની પોતાની માલિકીની અને કબજા ભોગવટા, વહીવટ, હેઠળની તથા તેના ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેથી સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, સંબંધ કે અધિકાર હોય કે સદરહુ મિલકત ઉપર કોઈપણ સંસ્થા કે વ્યકિતની કોઈ લોન કે બોજો ચાલતો હોય કે નામદાર કોર્ટમાં કોઈ દાવો કે ફરીયાદ ચાલતી હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહીત અમોનો સંપર્ક કરવો. અન્યથા મુદત વીત્યે સદરહુ મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હીત, હીસ્સો, સંબંધ કે અધિકાર નથી અને હોઈ તો તે જતો યાને વેવ કર્યો છે તેમ માની હમારા અસીલ મજકુર માલિક પાસેથી સદરહુ મિલકતનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે દાવો ચાલશે નહી જેની આથી સર્વેએ નોંધ લેવી. **સ્થળ : સુરત, તા.૧૫/૧૦/૨૦૨૬**

એડ્રેસ : ઓફીસ નં.૫-૬, બીજો માળ,
હિરલ આર્કેડ,નવી કોર્ટ બિલ્ડીંગની સામે,
અઠવાલાઈન્સ, સુરત.

નિરવ જે. મગજવાલા
તે
ખરીદનારના એડવોકેટ

ડી. સુરત તા. ઓલપાડના મોજે ગામ ઈશનપોરના રેવ. સર્વે/બ્લોક નં. ૧૭/૧,જેનો બ્લોક નં. ૩૫૨ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત સબ–ડીસ્ટ્રીકટ તાલુકો ઓલપાડના **મોજે ગામ ઈશનપોર**ના રેવ. સર્વે નં. ૧૭/૧, જેનો **બ્લોક નં. ૩૫૨,** જેનુ **કુલ્લે ક્ષેત્રફળ હે. ૦–૮૩–૯૭ આરે ચો. મીટર,** જેનો **ખાતા નં. ૩૫૭** તથા **આકાર રૂા. ૧૧.૦૬ પૈસા** થી નોંધાયેલ જુની શરતની ખેતીની ખુલ્લી જમીન, જે ખેતરનુ નામ મીરો તરીકે ચાલી આવેલ જમીન **(૧) ગણપતભાઈ લલ્લુભાઈ (૪૨૦૦ ચો. મીટર), (૨) અંબાબેન તે લલ્લુભાઈ મકનભાઈની પુત્રી તથા શાંતુભાઈની પત્ની, (૩) મંજુબેન તે દલપતભાઈ લલ્લુભાઈની વિધવા, (૪) દીવાળિબેન લલ્લુભાઈ પટેલ તથા (૫) દક્ષાબેન લલ્લુભાઈ પટેલ** નાઓની સંયુકત માલીકી, કબજા ભોગવટા, વહીવટ–વ્યવસ્થા હેઠળની તેમજ નકરજી, નબોજી, ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ્સ વાળી હોવાની ખાત્રી, ભરોસો અને વિશ્વાસ આપી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. જેથી સદરહું જમીન ઉપર અન્ય કોઈ વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, ખાનગી ભાગીદારો, સ્વાયત સંસ્થા કે બેન્ક વિગેરે હરકોઈના લાગભાગ, હકક–હિસ્સા, દર–દાવા, જપ્તી–અલજપ્તી, લેણું–બોજા, સોદા–સાટાખત, પાવર ઓફ એર્ટની જેવા લેખો યા કોઈપણ પ્રકારના લખાણો યા કોર્ટ પ્રકરણો વિગેરે હોય તો તેમણે કાયદેસરના પ્રમાણીત પુરાવા સહીત દીન–૧૦ (દશ) માં તે અંગેની સંપુર્ણ લેખીત ખાત્રી અમોને રૂબરૂ મળી કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું જમીનમાં હિત, સંબંધ, હકક–હિસ્સો કે લાગભાગ, દર–દાવા, કબજા–ભોગવટા યા ઈઝમેન્ટના હકકો વિગેરે નથી અને હોય તો તે જતા યાને વેવ કર્યા છે એમ માની લઈ અમારા અસીલ મજકુર માલીક સાથે વેચાણ અંગેના વ્યવહારો પુર્ણ કરી જરૂરી કાયદેસરના લખાણો–દસ્તાવેજો વિગેરે કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો–વિરોધ, દર–દાવો વિગેરે ચાલશે નહી, તેની આ જાહેર નોટીસ થકી લાગતા વળગતા તમામએ નોંધ લેવી.

અસીલની સુચના અને ફરમાઈશથી તા. ૧૫/૧૦/૨૦૨૬

ઠેકાણું:– ૨૨૦, રાજહંસ પોઈન્ટ,
જુના ગીતાંજલી પાસે, વરાછા રોડ, સુરત.
મોબા. નં. ૯૯૭૮૯–૯૩૯૫૦

ધવલભાઈ પી. કળથીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ તથા ટાઈટલ અભિપ્રાય અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીનનાં સ્વતંત્ર માલીક મુખત્યાર અને કબજેદાર અત્યાંતા ડેવલોપર્સ પ્રાઈવેટ લીમીટેડ ચાલી આવેલી હોવાનું જણાવે છે અને તેવું જણાવી મજકુરનાએ નીચે જણાવેલ વર્ણન વિગતવાળી જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે સદરહુ જમીનનો હમારા અસીલ ટુંક સમયમાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના છે. અને તેઓએ હમો કનેથી ટાઈટલ કલીયરન્સની માંગણી કરેલ છે. સદરહુ જમીન બાબતે કોઈનો પણ કોઈપણ પ્રકારનો હક્ક હિસ્સો હિત સંબંધ દર દાવો કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૧૫માં હમોને લેખિતમાં પુરાવા સહીત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદ્દત વિત્યેથી કોઈનો પણ કોઈપણ પ્રકારનો લાગભાગ હક્ક હિસ્સો નથી અથવા છોડી દીધો છે તેવું માની હમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે અને હમો સદરહુ જમીનનું ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશુ. ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત ચાલશે નહીં તેની આથી જાહેર નોંધ લેવી.

જમીનની વિગત

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકા મજુરાના ગામ મોજે વેસુના જેનો રી.સર્વે નં.૭૨/૩(જુનો રે.સ.નં.૯૪/૩) જેનું ક્ષેત્રફળ ૨૦૦૦ ચો.મી., જેનો ટી.પી. સ્કીમ નં. ૨ (વેસુ-ભરથાણા/વેસુ) ના ફા.પ્લોટ નં.૧૩ જેનું ક્ષેત્રફળ ૧૪૦૭ ચો.મી. છે તે પૈકી ઉત્તર દિશા તરફની ૭૦૨.૦૦ ચો.મી. યાને ૮૪૦.૦૦ ચો.વાર બીનખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્ક સહિત કુલ્લે દરોબસ્ત.

શિવ અજય મહેતા – અજય રૂમેન્દ્રભાઈ મહેતા
તે ખરીદનારના એડવોકેટ્સ
૫–૬, સિધ્ધી સમર્થ પાર્ક, ભુલકા ભવન સ્કુલ પાસે, અડાજણ, સુરત.

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ પલસાણાના મોજે ગામ પારડીપાતામાં આવેલ બ્લોક નં. ૨૯ કે જેનુ ક્ષેત્રફળ હે.આરે.૦-૪૭-૫૫ ચો.મી. વાળી જમીન કે જેનો સીટી સર્વેમાં સમાવેશ થતા ડીસ્ટ્રીકટ સુરત, સીટી સર્વે ઓફીસ પલસાણા, વોર્ડ નં.પારડીપાતા (બિનખેતી), સીટી સર્વે નં. NA29, શીટ નં. NA99 કે જેનુ ક્ષેત્રફળ ૪૭૫૫ ચો.મી. વાળી બિનખેતીની જમીન તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્ક, હીત, હીસ્સા સહીતની દરોબસ્ત **હીરલ હીરેનકુમાર મારૂએ** પોતાની સંપૂર્ણ સ્વતંત્ર માલિકી, કબજા, ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી, તે મિલકત નબોજી, નકરજી, ચોખ્ખે-ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી હોવાનું અને સદરહુ મિલકતમાં અન્ય કોઇનો કોઇપણ જાતનો હક્ક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો ન હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં કોઇપણ વ્યકિત, સંસ્થા, પેઢી કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો હક્ક, હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, કબજો, ગીરો કે લીયન ઇત્યાદી હોય અગર તો સદરહુ મિલકત ઉપર કોઇપણ બેંક, નાણાંકીય સંસ્થા ઇત્યાદીનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિદ્ધ થયેથી અમોને જરૂરી પુરાવાઓ સાથે દિન-૭ માં લેખિતમાં જાણ કરવી. નોટીસની મુદત વિત્યેથી સદરહુ મિલકતના ટાઇટલ ઉપરોક્ત માલિકથી કલીયર અને માર્કેટેબલ હોવાનું તથા બોજા રહિત હોવાનું માની તેમજ સદરહુ મિલકતમાં ઉપરોક્ત માલિક સિવાય અન્ય કોઇના હક્ક, હિત, હિસ્સા નથી અને હોય તો જતા કર્યા એટલે કે વેઇવ કર્યા છે, એમ ગણી સદરહુ મિલકત અંગે મારા અસીલ રજીસ્ટર્ડ પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ, કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહીં, જેની આથી જાહેર જનતા તથા લાગતા વળગતોએ નોંધ લેવી. તા. ૧૪.૧૦.૨૦૨૬

સરનામું : લો હાઉસ, ૫,
પ્રકાશ સોસાયટી, આદર્શ ભવન પાસે,
જલારામ ડેરીની બાજુમાં, અઠવાલાઈન્સ,
સુરત. મો. ૯૯૨૫૬ ૫૦૮૯૭, ૭૭૭૮૯ ૪૪૯૯૯

રાહુલ એચ. મૈસુરીયા
વિશ્વેશ એન. પટેલ
તે ખરીદનારના એડવોકેટ્સ

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ સીટી તાલુકાના મોજે શહેર સુરતના વિસ્તાર ઉધનામાં આવેલ **''ઉધના ઉધોગનગર સહકારી સંઘ લી.''** નામે ઓળખાતી ઔદ્યોગિક વસાહતમાં રોડ નં.૯ પર આવેલ **બ્લોક નં. એ/૨૦** ના પ્લોટ નં. ૨૫ વાળી જમીન ઉપર આવેલ બાંધકામ સહિતની મીલકત. જેનું ક્ષેત્રફળ ૬૦૦ ચો.વાર યાને ૫૦૧ ચો.મી. છે જેની ઉપર ભોંયતળીયા + પહેલા માળનું બાંધકામ આવેલ છે તે મીલકત પ્રતોષ વસંતભાઈ શાહ (એચ.યુ.એફ) ના કર્તા તરીકે પ્રતોષ વસંતભાઈ શાહ અને વસંત ભગવાનદાસ શાહ નાએ નીચેની વિગતે જણાવેલ અગ્રહકકધારીઓના દસ્તાવેજની અસલ રજી. ફી ની રસીદ ગુમ થયેલ હોવાનું જણાવી તથા સદરહુ મીલકતના તેઓ પોતાની સંયુકત અને સંપૂર્ણ માલીકી હકક ધરાવતા હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. અને નજીકના સમયમાં હમારા અસીલને મજકુર મીલકતનો દસ્તાવેજ કરી આપનાર છે. તો મજકુર મીલકત અંગે કોઈને વાંધા, તર–તકરાર હોય યા કોઈના લાગભાગ, હકક હિસ્સા હોય અગર કોઈ વ્યકિત, બેંક યા નાણાંકીય સંસ્થાનો બોજો હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭** માં લેખિત પુરાવા સહિત જાણ કરવી. જો ઠરાવેલ મુદતમાં કોઈના વાંધા આવશે નહી તો મજકુર મીલકત અંગે કોઈના કોઈપણ જાતના દરદાવા, હકક હિસ્સા નથી અને હોય તો તે જતો કર્યો છે યાને છોડી દીધા છે એમ માની મજકુર મીલકતનો વેચાણ દસ્તાવેજ હમારા અસીલ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર તકરાર ચાલશે નહી. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

(૧) તા.૧૯/૦૧/૧૯૬૭, અનુક્રમ નં.૧૯૪ થી નોંધાયેલ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ની અસલ રસીદ., (૨) તા.૦૬/૦૭/૨૦૦૭, અનુક્રમ નં.૧૩૭૯૯ થી નોંધાયેલ દસ્તાવેજની રજીસ્ટ્રેશન ફી ની અસલ રસીદ.

તા. ૧૫/૧૦/૨૦૨૬
ઠેકાણું : બ્લોક નં.૩૧, મકાન નં.૨૨૩,
બેઠી કોલોની, ગુ.હા.બોર્ડ, ખટોદરા, સુરત.
મો.નં. ૯૮૨૫૨ ૯૫૦૬૬

જીતેન્દ્ર જે. અમીન
ભાવેશ જે. અમીન
તે ખરીદનારના એડવોકેટસ

શ્રી પટેલ પ્રગતિ મંડળ,સુરત

હોર્ડીંગ માટેની જાહેરાત

શ્રી પટેલ પ્રગતિ મંડળ, હની પાર્ક રોડ,જ્યોતીન્દ્ર દવે બાગની સામે, અડાજણ સુરત મુકામે ચાર રસ્તા ઉપર દક્ષિણ દિશામાં મંડળનાં બોર્ડની બાજુમાં હોર્ડીંગ લગાવવા માટે સીલબંધ 'કવરમાં' ભાવપત્રક મંગાવવામાં આવે છે. જે માટેનાં ભાવપત્રક તા.૧૯/૧૦/૨૦૨૬ પહેલાં મોકલી આપવા જણાવવામાં આવે છે. આખરી નિર્ણય/નિયમો મંડળનો રહેશે. **તા.૧૪/૧૦/૨૦૨૬**

(રમેશચંદ્ર જે. પટેલ)
અધ્યક્ષ
શ્રી પટેલ પ્રગતિ મંડળ,સુરત

પશ્ચિમ રેલવે

નવા OHE ડેપોનું નિર્માણ

ડિવિઝનલ રેલવે મેનેજર (ડબ્લ્યુએ), પશ્ચિમ રેલવે, દુહો માળ, એન્જિનિયરિંગ ડિપાર્ટમેન્ટ, મુંબઈ સેન્ટ્રલ, મુંબઈ - 400 008, ઈ-ટેન્ડર નોટિસ નંબરઃ BCT/26-27/183 તા. 12/10/2026 દ્વારા આમંત્રિત કરે છે. કાર્ય અને સ્થાનઃ મુંબઈ સેન્ટ્રલ :- નવા OHE ડેપોનું નિર્માણ (કમ્પોઝિટ ટેન્ડર). કાર્યની અંદાજિત કિંમતઃ રૂ.4,62,66,111.01.EMD: રૂ.9,25,300/- સબમિટ કરવાની તારીખ અને સમયઃ તારીખ 05.11.2026ના રોજ 15:00 કલાક સુધી. ખોલવાની તારીખ અને સમયઃ તારીખ 05.11.2026ના રોજ 15:30 કલાકે. વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0704

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે

મેન્ટેનન્સ કામ

ડેપ્યુટી ચીફ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર (કન્સ્ટ્રક્શન), પશ્ચિમ રેલવે, ડીઆરએમની ઓફિસ, એનેક્સ બિલ્ડિંગ, 3જો માળ, દો બત્તી, રતલામ (મધ્ય પ્રદેશ) 457001, ટેન્ડર નોટિસ નંબરઃ EL-C-RTM-2026-09-T, તારીખઃ 09.10.2026 આમંત્રિત કરવામાં આવે છે. કામનું નામઃ રતલામ ખાતે MEMU મેન્ટેનન્સ સુવિધાઓની જોગવાઈના સંબંધમાં સંકલિત કોચિંગ ડિપોટ ખાતે પિટ લાઇન, સિક લાઇનના વિસ્તરણ અને સંબંધિત ઇન્ફ્રાસ્ટ્રક્ચરની જોગવાઈ માટે 25 KV, 50 Hz, AC સિંગલ ફેઝ OHE ની ડિઝાઇન, પુરવઠો, ઇરેક્શન, ટેસ્ટિંગ અને કમિશનિંગ. અંદાજિત કિંમતઃ રૂા. 1,85,79,283.01 બિડ ડિપોઝિટઃ રૂા. 3,71,600/- ઓનલાઇન બિડિંગ શરૂ થવાની તારીખઃ 19.10.2026 ટેન્ડર બંધ થવાની તારીખઃ 02.11.2026, 15:00 કલાક સુધી વેબસાઇટ વિગતો અને નોટિસ બોર્ડઃ કામકાજના કલાકો દરમિયાન રૂબરૂ અથવા ઓફિસના ટેલિફોન નંબર 07412 233996 પર સંપર્ક કરો. ઇમેઇલઃ dyceecrtm@gmail.com વધુ વિગતો માટે કૃપા કરીને અમારી વેબસાઇટ www.ireps.gov.inની મુલાકાત લો. 0700

અમને લાઇક કરો facebook.com/WesternRly

: જાહેર નોટીસ :

મોજેઃ વેસુ, SNS SPLENDID, ટાવર-બી, ફ્લેટ નં. ૫૦૫

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ મજુરા મોજેઃવેસુ, જુનો રે.સ.નં.૫૫૩, નવો રે.સ.નં.૩૪૮, ટી.પી.સ્કીમ નં.૨૯(રૂંઢ-વેસુ-મગદલ્લા), ફાયનલ પ્લોટ નં.૩૭, SNS SPLENDID, માં ટાવર-બી માં પાંચમા માળે આવેલ ફ્લેટ નં.૫૦૫, જેનું કારપેટ ક્ષેત્રફળ ૧૩૨૬.૬૦ ચો.ફુટ યાને ૧૨૩.૨૮ ચો.મી. વાળી મીલકતના માલીક ચિંકી મીલનકુમાર શાહ, રહેવાસીઃ૫૦૪,બ્લુ કવીન્સ, શીલાલેખ એપાર્ટમેન્ટ, નીશલ આર્કેડ, પાલ, સુરતના પાસેથી અમારા અસીલએ વેચાણ રાખવાનું નક્કી કરેલ છે. સદરહુ મીલકત ઉપર જો કોઈ ઈસમનો, બેંકનો, સરકારી, અર્ધ-સરકારી સંસ્થાનો કે અન્ય કોઈ હરકોઈનો કોઈપણ પ્રકારનો લાગભાગ, હકક, હીત, હિસ્સો, કબજો, ભોગવટો કે કોઈપણ પ્રકારનો બોજો હોઈ તો આ નોટીસ પ્રસિધ્ધ થયેલ દિન-૭ માં લેખિત પુરાવા સહીત જણાવવું. જો તેવું માલૂમ ન પડશે તો તેવા તમામ પ્રકારના હકકો છોડી દીધેલ ગણાશે તથા મુદત વિત્યે અમારા અસીલ કાયદેસરનો રજીસ્ટર્ડ દસ્તાવેજ કરાવી લેશે. જે અંગે પાછળથી કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

અમારી મારફત
દિનેશચંદ્ર એન. ઉપાધ્યાય એસોસિએટ્સ

ઠે. ૩૦, મહેક બંગલો, વી.ટી. ચોકસી
લો-કોલેજની બાજુની ગલીમા,
પાર્લે પોઈન્ટ, સુરત.
તા. ૧૫/૧૦/૨૦૨૬

પ્રણવ ડી. ઉપાધ્યાય
ધવલ ડી. ઉપાધ્યાય
એડવોકેટ્સ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

ડિસ્ટ્રીકટ : સુરત, સબ–ડિસ્ટ્રીકટ તાલુકો ચોર્યાસીનાં **મોજે ગામ કરંજ** ના રે.સર્વે નંબર : ૭૦, ૭૧ પૈકી વાળી બીનખેતીની જમીન ઉપર આયોજીત **રેણુકાભવન–૨** ના નામે ઓળખાય છે તેના પર આવેલ **દુકાન નંબર : ૫૮** થી નોંધવામાં આવેલ મિલકત કે જેનું સુપર બિલ્ટઅપ એરીયા મુજબનું ક્ષેત્રફળ ૩૨૨ ચો.ફુટ થાય છે. તથા જેનું વેરાબિલ મુજબનું ક્ષેત્રફળ ૧૭.૦૯ ચો.મી. છે. જેનો સુરત મહાનગરપાલિકાના દફતરે **ટેનામેન્ટ નંબર : ૦૨૧–સી–૧૧–૩૯૨૯–૦–૦૦૧** છે. તે દુકાન મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિત કુલ્લે દરોબસ્ત મિલકતના માલિક/કબજેદાર **હિતેષ દામજીભાઈ મારકણા** નાએ તેઓની માલિકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ–વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નબોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી, હમારા અસીલોને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું મિલકત ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલ/જપ્તી, લેણું–બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની યા કોઈ કોર્ટ પ્રકરણો વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત **દિન–૭** માં તે અંગેની સંપુર્ણ ખાત્રી રૂબરૂ મળી હમોને કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું મિલકતમાં હિત, સબંધ, હક, હિસ્સા કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમ માની લઈ મારા અસીલ મજકુર માલિક સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરનો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, વાંધો, વિરોધ ચાલશે નહી, તેની લાગતા વળગતા સૌએ નોંધ લેવી.

સ્થળ : સુરત, તા.૧૫/૧૦/૨૦૨૬
૧૩/૧૪, અક્ષર ડાયમંડ માર્કેટ, માનગઢ ચોક,
મીનીબજાર, વરાછા રોડ, સુરત. મો. ૯૫૮૬૭ ૪૬૨૫૮

મિત આર. ખેની
એડવોકેટ

મોજે ડુમસના, બ્લોક/સર્વે નં. ૪૨૯, ૪૩૬, ૬૧૪/૩, તથા ૪૨૪/૩ વાળી જમીન અંગે જાહેર નોટીસ :-

(૧) ડિસ્ટ્રીકટ સુરત સબ– ડિસ્ટ્રીકટ મજુરા (સુરત–સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં. ૪૨૯ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે. ૦–૮૩–૯૭ ચો.મી, જેનો ખાતા નં. ૨૭૯૦ વાળી જમીન તથા (૨) ડિસ્ટ્રીકટ સુરત સબ– ડિસ્ટ્રીકટ મજુરા (સુરત–સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં. ૪૩૬ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૧–૪૧ ચો.મી., જેનો ખાતા નં. ૨૬૫૧ વાળી જમીન તથા (૩) ડિસ્ટ્રીકટ સુરત સબ– ડિસ્ટ્રીકટ મજુરા (સુરત–સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં. ૬૧૪/૩ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન જેનું કુલે ક્ષેત્રફળ હે.આરે.૦–૩૫–૪૧ ચો.મી., જેનો ખાતા નં. ૩૦૧૪ વાળી જમીન તથા (૪) ડિસ્ટ્રીકટ સુરત સબ– ડિસ્ટ્રીકટ મજુરા (સુરત–સીટીના), મોજે ગામ ડુમસના, બ્લોક/સર્વે નં. ૪૨૪/૩ થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન અંગે દિલીપભાઈ કાંતિલાલ ખંડોર નાઓએ હમારા અસીલોને વિશ્વાસ અને ભરોસામાં લઈ સદરહુ જમીનો ટાઇટલ કલીયર કરી આપવાનું કહી કેટલાક કોરા કાગળો ઉપર સહીઓ કરાવી લઈ ગયેલ અને તે કાગળોનો દુરઉપયોગ કરી સદરહુ જમીન અંગે પાછળની તારીખમાં તા.૧૯/૦૫/૨૦૨૪ ના રોજ પાવર ઓફ એર્ટની તથા એમ.ઓ.યુ અંગેનું લખાણ ઉભુ કરેલ છે. જે કહેવાતા લખાણો તથા પાવર ઓફ એટોર્ની નો દુરૂપયોગ કરી દિલીપભાઈ કાંતિલાલ ખંડોર નાઓ સદર જમીનો અંગે હમારા અસીલોની જાણ બહાર તથા સહી સંમતી વગર વેચાણ કરવા ફરી રહયા હોવાનું જાણવા મળેલ છે. જેથી દિલીપભાઈ કાંતિલાલ ખંડોર સદરહુ જમીન અંગે પાછળની તારીખમાં તા. ૧૯/૦૫/૨૦૨૪ ના રોજ ઉભો કરેલ બોગસ પાવર ઓફ એર્ટની તેમજ એમ.ઓ.યુ અંગેનુ લખાણ તથા સદરહુ જમીનો અંગેના જે કાંઇ બનાવટી લખાણો નિકળી આવે તો તમામ લખાણો આ નોટીસ થકી રદબાતલ યાને કેન્સલ કરેલ છે. જેથી સદરહું જમીનો અંગે કહેવાતા પાવર ઓફ એટોર્ની, એમ.ઓ.યુ. કે તેવા તમામ લખાણોને આધારેદિલીપભાઈ કાંતિલાલ ખંડોરનાઓ સાથે કોઇપણ વ્યક્તિએ કોઇપણ જાતના વ્યવહારો કરવા કરાવવા નહી તેમ છતાં સદરહું જમીનો અંગે કોઇપણ વ્યક્તિ કોઇપણ જાતના વ્યવહારો કરશો તો હમારા અસીલને તે બંધનકર્તા રહેશે નહી અને વ્યવહાર કરનારને કોર્ટ પ્રકરણ સિવાય કોઇ હકક કે અધિકાર પ્રાપ્ત થશે નહી બલ્કે વ્યવહાર કરનાર કરાવનાર તમામ વ્યક્તિઓ વિરૂધ્ધ હમારા અસીલ ફોજદારી રાહે કાયદેસરની કાર્યવાહી કરવાની ફરજ પડશે જેની ગંભીર નોંધ લેવી. દિલીપભાઈ કાંતિલાલ ખંડોર ને વ્યકિતગત નોટીસ તા.૧૩/૧૦/૨૦૨૬ ના રોજ મળી ગયેલ છે. તા. ૧૫/૧૦/૨૦૨૬

ઓફિસ : ૧૦૭–૧૦૮, શુભમ કોમ્પલેક્ષ,
આનંદ હોસ્પિટલની ગલીમાં,
પોર મહોલ્લો, નાનપુરા, સુરત.
મો. ૯૯૨૫૮૨૪૮૪૭

નીરવ આર. દૂધવાલા
તે રેવાબેન રતનજીભાઈ વિગેરે ના
એડવોકેટ

ડી.નવસારી, તા. જલાલપોર, ગામ-ભાઠા, સર્વે/ બ્લોક નંબરઃ ૩૬૧ વાળી ખેતીની જમીનના વેચાણ અંગેની જાહેર નોટીસ

નવસારી ડીસ્ટ્રીકટ, સબ ડીસ્ટ્રીકટ તાલુકો જલાલપોર, મોજે ગામઃ ભાઠાના સર્વે / બ્લોક નંબરઃ ૩૬૧, જુનો સર્વે / બ્લોક નંબરઃ ૩૩૬ થી નોંધાયેલ સુમારે હે. આરે. ૦-૨૫-૦૦ ચો.મી., ક્ષેત્રફળ જેનો આકાર રૂા. ૨.૦૦ પૈસા તથા ખાતા નંબરઃ ૯૬૯ વાળી ખેતીના હેતુ માટે જુની શરતની ખેતીની જમીન (બીનખેતીના હેતુ માટે પ્રીમીયમને પાત્ર) ધ્વની ધ્રુવલ ગાંધી તે સંજયકુમાર દેસાઈની પુત્રીનાએ પોતાની સવતંત્ર માલીકીની પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળ ચાલી આવેલ હોવાનું અને તેના ટાઇટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાની ખાત્રી ભરોસો આપી અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કર્યુ છે, તેથી સદરહુ જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર હોઇ કે કોઇનો ભરણ પોષણ કે ઇઝમેન્ટનો હકક કે ગણોત હકક કે ખેડ હકક હોય કે કોઇ પણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયુટનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૭(સાત) માં અમોને કાયદામાં ગ્રાહય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવુ, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ જમીનમાં કોઇપણ વ્યકિત કે સંસ્થાનો કોઇપણ પ્રકારે લાગભાગ, હકક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હકક કે અધિકાર નથી કે કોઇનો ભરણ પોષણ કે ઇઝમેન્ટનો હકક કે ગણોત હકક કે ખેડ હકક નથી કે કોઇ પણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઇન્સ્ટીટયુટનો બોજો નથી અને હોય તો તે તમામ જતા કર્યા છે યાને છોડી દીધા છે. તેમ માની લેવામાં આવશે અને ત્યારબાદ, ભવિષ્યમાં કોઇની કોઇપણ પ્રકારની તકરાર કે દાવો ચાલશે નહી, અને અમારા અસીલ વેચાણ વહેવાર પુર્ણ કરી કાયદેસરના લખાણો/દસ્તાવેજો કરાવી લેશે, જેની લાગતા વળગતાએ નોંધ લેવી. સદર નોટીસ અસીલની સુચના અને ફરમાઇશથી પ્રસિધ્ધ કરાવેલ છે.

આફ્રીકાવાળા & એસોસીએટ્સ વતી તા. ૧૫/૧૦/૨૦૨૬

અલ્પેશ જે. આફ્રીકાવાળા **ચાર્મી જે. આફ્રીકાવાળા**
એડવોકેટ્સ
ઓફીસ : ૧૦૦૧, વેલેન્ટીના બીઝનેસ હબ, સેલ પેટ્રોલ પંપ પાસે, એલ.પી.સવાણી રોડ, અડાજણ, સુરત. મો.નં. ૯૮૨૪૧ ૭૨૮૩૬

શહેર સુરતના રાંદેર વિસ્તારમાં ઝંડાચોક, પાયકવાડ સ્ટ્રીટમાં આવેલ વોર્ડ : રાંદેરના સીટી સર્વે નં.૧૦૯/અ, ટીકા નં.૧૦ થી નોંધાયેલી મિલ્કત કે જેનુ ક્ષેત્રફળ ૬૬૭.૨૩૧૭ ચો.મી. યાને ૭૯૮.૦૦ ચો.વાર વાળી જમીન અંગે જાહેર ચેતવણી અને જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, ઉપર જણાવેલ જમીનના માલિક ઉન્મેશ અરવિંદ ભટ્ટનાએ અમો બશીરખાન ઈબ્રાહીમખાનનાઓને તા.૦૪.૦૧.૨૦૧૨ ના રોજ નાણાંકીય અવેજ સ્વીકારી સાટાખત કરી આપેલ છે અને તેવા સાટાખત મુજબ ઉન્મેશ અરવિંદ ભટ્ટનાએ અમો બશીરખાન ઈબ્રાહીમખાનને સદરહુ જમીનનો પ્રત્યક્ષ કબજો પણ સુપ્રત કરેલ છે. તેમ છતા ઉન્મેશ અરવિંદ ભટ્ટના તા.૦૪.૦૧.૨૦૧૨ ના સાટાખતનો અમલ કરતા ન હોવાથી અમોએ સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૧૩૦/૨૦૧૪ નો દાવો કરેલ હતો અને તે દાવામાં આવેલ જજમેન્ટ વિરૂધ્ધ ઉન્મેશ અરવિંદ ભટ્ટનાએ સુરતની ડીસ્ટ્રીકટ કોર્ટમાં રે.સીવીલ અપીલ નં.૪૩/૨૦૨૨ ની કરેલ હતી અને તે અપીલમાં આવેલ જજમેન્ટ વિરૂધ્ધ અમોએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં **F/SA : 30513 / 2026** ની કરેલ છે અને તે પેન્ડીંગ છે અને અમો બશીરખાન ઈબ્રાહીમખાનનું સાટાખત ઉભેલુ હોવા છતા ઉન્મેશ અરવિંદ ભટ્ટનાએ **અમિત હરીશકુમાર ડોકટર, મીહીર મહેશભાઈ ચેવલી અને પરેશકુમાર સુરેશચંદ્ર મોદીના** લાભમાં ખોટો અને કાયદા વિરૂધ્ધનો વેચાણ દસ્તાવેજ સદરહુ જમીન અંગે કરેલ છે. માટે તે વેચાણ દસ્તાવેજ પડકારતો અમોએ સુરતની સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૧૨૧/૨૦૨૪ નો દાવો દાખલ કરી તમામ વિરૂધ્ધ મનાઈ અરજી પણ આપેલ છે અને તે પેન્ડીંગ છે. જેથી સદરહુ જમીન અંગે સુરતની સીવીલ કોર્ટમાં અને ના.ગુજરાત હાઈકોર્ટમાં સબજયુડીસ મેટર છે. જેથી લાગતા વળગતા તમામે સદરહુ જમીન અંગે **અમિત હરીશકુમાર ડોકટર, મીહીર મહેશભાઈ ચેવલી અને પરેશકુમાર સુરેશચંદ્ર મોદીનાઓ** સાથે ખરીદીના કે અન્ય કોઈપણ વ્યવહારો કરવા કરાવવા નહી. આ જાહેર ચેતવણી અને જાહેર નોટીસ છતા ઉપરોકત વ્યકિતઓ સાથે કોઈપણ વ્યકિત કોઈપણ પ્રકારના વ્યહવહાર કરશે તો તેઓને સીવીલ તથા ફોજદારી પ્રકરણોમાં સંડોવાવુ પડશે અને તકરારો સિવાય કશુ પ્રાપ્ત થશે નહી. જેની તમામે નોંધ લેવી.

મારી મારફત :-
કશ્યપ કે. બનાતવાળા
(એડવોકેટ)
ઠે. ૫, ૬ સિધ્ધી સમર્થ પાર્ક,અડાજણ ક્રોસ વીલેજ રોડ,
અડાજણ ચાર રસ્તા પાસે,સુરત.

બશીરખાન ઈબ્રાહીમખાન

વેચાણ અંગેની જાહેર નોટીસ

ડી. ભરૂચ, તા. હાંસોટ, **મોજે ગામ માંગરોળના જુના રેવ. સર્વે નં. ૬૮, જેનો બ્લોક નં. ૧૨૫, જેનુ ક્ષેત્રફળ ૧૩૮૬૮ ચો. મીટરવાળી (પો.ખ. સહીત)** જુની શરતની ખેતીની જમીનના સ્વતંત્ર, એકલા **માલીક કબ્જેદાર તરીકે રમેશચંદ્ર લક્ષ્મીરામ પટેલ**નાઓ ચાલી આવેલ છે. તેઓ પાસેથી મારા અસીલે મજકુર જમીન ખરીદ કરવાનુ નકકી કરી લખાણો કરેલ છે અને ટુંક સમયમાં રજી. વેચાણ દસ્તાવેજ પણ કરાવી લેનાર છે, તો મજકુર જમીનના વેચાણ બાબતે જે કોઈ વ્યકતી, સંસ્થા, સરકારી, અર્ધસરકારી કચેરીઓ વગેરેને કોઈપણ પ્રકારનો વાંધો તકરાર હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દીન–૭** માં તમામ પુરાવા સાથે લેખીતમાં નીચે જણાવેલ સરનામે મળવુ, સમયમર્યાદા પસાર થયા બાદ જમીનમાલીક પાસેથી મારા અસીલ મજકુર જમીનનો રજી. વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ પાછળથી કોઈના પણ વાંધા, વિરોધ, તકરાર આવશે તો તે વેવ થયેલા એટલે કે રદબાતલ ગણાશે, સહી. જેની જાહેર જનતાએ નોધ લેવી.

ઓફીસ :-૪૬૩, ચોથો માળ,
લક્ષ્મી એન્કલેવ-૨, ગજેરા સ્કુલ સામે,
કતારગામ, સુરત.મો. ૯૦૯૯૮-૦૩૬૫૫

નિરલકુમાર પી. ચકલાસીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ સોનારીના બ્લોક નં.૪૯/૧ (જુનો બ્લોક/સર્વે નં.૬૫) કે જેનું ક્ષેત્રફળ ૧૪૦૦ ચો.મી. તથા બ્લોક નં.૫૪ (જુનો બ્લોક/સર્વે નં.૬૧) કે જેનું ક્ષેત્રફળ ૧૨૩૦૦ ચો.મી. થી નોંધાયેલી રહેણાંકના હેતુસરની જમીન, જેમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી પ્લોટ નં.૪૦/એ, ૪૦/બી, ૪૦/સી, ૪૦/ડી, ૪૦/ઈ, ૪૦/એફ, ૪૦/જી, ૪૦/એચ, ૪૦/આઈ, ૪૦/જે, ૪૦/કે, ૪૦/એલ, ૪૦/એમ વાળા પ્લોટો, કે જેનું દરેક પ્લોટનું ક્ષેત્રફળ સુમારે ૧૨ × ૪૦ ચો.ફુટ યાને ૪૪.૫૯ ચો.મી. છે તે ખુલ્લા પ્લોટો વાળી જમીનો(૧) ધર્મિષ્ઠાબા જીતેન્દ્રસિંહ ચાવડા (૨) ધર્મજીતસિંહ જીતેન્દ્રસિંહ ચાવડા (૩) પૃથ્વીરાજસિંહ જીતેન્દ્રસિંહ ચાવડા જાતે પોતે તથા નં.૧ તથા ૨ ના કુલમુખત્યાર તરીકેનાઓની સંયુકત માલીકી, કબજા, ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી તેમજ સદરહુ પ્લોટોવાળી જમીન કોઈપણ વ્યક્તિ, બેંક, સંસ્થા પાસે ગીરો કે મોર્ગેજમાં મુકેલ નથી કે સદરહુ જમીન ઉપર કોઈ લીયન કે કરજ ઉભુ કરેલ નથી કે અન્ય કોઈને વેચાણ આપવાનું નકકી કરેલ નથી તેમજ સદરહુ જમીનમાં અન્ય કોઈ વ્યક્તિ, સંસ્થા, બેંક, હીસ્સેદાર, દાવેદાર નથી કે તે અંગેના કોઈ લખાણો કે કરારો કરેલ નથી તેવુ જણાવી યાને કે સદરહુ જમીનના ટાઈટલ સંપુર્ણ કલીયર હોવાનું જણાવી હમારા અસીલ નામે ચતુરભાઈ દુલ્લભભાઈ પટેલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેમ છતાં સદરહુ જમીન ઉપર બેંક, સંસ્થા, વ્યકિત યા હરકોઈનો કોઈપણ જાતનો લાગભાગ, હકક, હીત, હીસ્સો, બોજો, દર-દાવો, સાટાખત, બાનાખત હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખિત પુરાવા સહિત રૂબરૂ મળવુ. મુદ્દત વિત્યે કોઈના કોઈપણ જાતના હકકો નથી અને જો હોય તો તે છોડી દીધા યાને વેવ કરેલ છે તેમ ગણી હમારા અસીલ ઉપરોકત જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર- તકરાર ચાલશે નહીં. જેની જાહેર જનતાએ નોધ લેવી.

ઓ.: 105, વિશ્વકર્મા ચેમ્બર્સ,
મજૂરાગેટ, સુરત
મો.નં.: ૯૯૦૪૪ ૯૧૬૦૦

લીના કે. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

જાહેર ચેતવણી

આથી લાગતા વળગતા તમામ ને આ જાહેર ચેતવણી આપી જણાવવાનું કે ડિસ્ટ્રિક્ટ સુરતના સબ ડિસ્ટ્રિક્ટ ચોર્યાસીના ગામ મોજે બોણદના રેવન્યુ સર્વે નં.૪૭ છે જેનો બ્લોક નં.૫૩થી નોંધાયેલી ખેતીની જૂની શરતની ક્યારીની બિન પિયત વાળી જમીન, જેનું કુલ ક્ષેત્રફળ હે૦-૩૧ આરે ૩૭ ચો. મી., જેનો આકાર રૂા. ૦૬-૬૨ પૈસાવાળી ખેતીની જમીનમાં અન્ય વારસદારો/સહ-માલિકોની સંયુક્ત માલિકીની હોવા છતાં, તે પૈકીના એક માલિક **મોદી કેયુર સંજયકુમારે અન્ય બાકીના તમામ વારસદારોની જાણ બહાર તથા તેમની સંમતિ વગર** સદરહું જમીન પોતાની જ સ્વતંત્ર માલિકીની હોવાનું ખોટું જણાવી અમારા અસીલ **મોહમદ ખાલીદ ગુલામ રસુલ શેખને વેચાણ આપવાનું નક્કી કરેલ હતું.** તેઓએ અમારા અસીલને તા. ૦૧/૦૨/૨૦૨૪ ના રોજ નોટરી એડવોકેટ શ્રીમતી ચૈતાલી સી. પટેલ સમક્ષ સીરીયલ નંબર ૨૯૯૭ થી **સાટાખત કરી આપી નક્કી કરેલ વેચાણ અવેજની રકમ પૈકી 55% રકમ પ્રત્યક્ષ સાક્ષીઓની રૂબરૂમાં રોકડેથી સ્વીકારી લીધી હતી.** આમ છતાં, મોદી કેયુર સંજયકુમારે અન્ય વારસદારોના હક્કો છુપાવી, અમારા અસીલ સાથે વિશ્વાસઘાત અને આર્થિક ફ્રોડ કરી, કાયદેસરના સાક્ષીઓની હાજરીમાં સ્વીકારેલ નાણાં હડપ કરી જવાના મલિન ઈરાદાથી, અમારા અસીલની જાણ બહાર **સદરહું જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ ત્રાહિત ઈસમના નામે કરી દઈ રેવન્યુ રેકોર્ડમાં નામ દાખલ કરાવી દીધેલ છે,** જેની જાણ અમારા અસીલને તાજેતરમાં જ થયેલ છે. આ કૃત્યથી અમારા અસીલના કાયદેસરના હક્ક, હિત, હિસ્સાને મોટું નુકસાન પહોંચાડેલ હોય, જેની સામે અમારા અસીલ દીવાની ન્યાયાલયમાં સદર વેચાણ દસ્તાવેજ રદબાતલ કરાવવા (Cancellation of Sale Deed) તથા સ્પેસિફિક રીલીફ એક્ટ મુજબ દાવો તેમજ ફોજદારી રાહે ભારતીય ન્યાય સંહિતા મુજબ તમામ જવાબદારો સામે કડક કાયદેસરની કાર્યવાહી કરનાર છે. જેની લાગતા વળગતાએ તથા વર્તમાન ખરીદનારે નોંધ લેવી. **સુરત, તા.૧૩/૧૦/૨૦૨૬**

હિના કે. પરમાર
તે . મોહમદ ખાલીદ ગુલામ રસુલ શેખના એડવોકટ, એચ. જી.૧૩, જલનિધિ કોમ્પલેક્ષ,બહુમાળીની સામે, નાનપુરા, સુરત. મો. નં.9979140014.

નવસારી, તા.જલાલપોર, મોજે ડાભેલ, નવા બ્લોક નં.૯૮, ૧૧૦ તથા ૧૧૧ વાળી જમીનો અંગે ટાઇટલ કલીયરન્સ અંગે જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસથી જણાવવાનું કે,

નવસારી ડીસ્ટ્રીકટ, જલાલપોર સબ-ડીસ્ટ્રીકટના મોજે ગામ - ડાભેલ ના (૧) જુના સર્વે નં. ૯૨, બ્લોક નં. ૯૮ કે જેનું ક્ષેત્રફળ હે.આરે ૧-૬૦-૯૯ ચો.મી., આકાર રૂા.૨૦-૩૪ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તથા (૩) જુના સર્વે નં. ૧૦૩, બ્લોક નં. ૧૧૦ કે જેનું ક્ષેત્રફળ હે.આરે ૧-૧૬-૮૧ ચો.મી., આકાર રૂા.૧૪-૫૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન તથા (૩) જુના સર્વે નં. ૧૦૪, બ્લોક નં. ૧૧૧ કે જેનું ક્ષેત્રફળ હે.આરે ૦-૭૦-૦૨ ચો.મી., આકાર રૂા.૯-૮૫ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીનો (૧) અહમદસઈદ મહમદભાઈ દિલેર (૨) અબ્દુલ રહમાન હાસીમ દિલેર (૩) ખતીજા મહમદભાઈ દિલેર નાઓના નામે સંયુકત માલીક, મુખત્યાર, પ્રત્યક્ષ કબજેદાર, પ્રત્યક્ષ ભોગવટેદાર તરીકે ચાલી આવેલા છે.

ઉપરોકત જમીનો અંગે જમીનમાલીકોએ ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ જમીનોમાં કોઈપણ વ્યકિત, સંસ્થા યા બેંકનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, કબજો, બોજો, ગીરો, લિયન વિગેરે હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી તેમણે દસ્તાવેજી પુરાવાઓ સહિત દિન-૭ (સાત)માં હમારા નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી અને રૂબરૂ મળી જવું. જો તેમ કરવામાં કસુર થયેથી, સદરહુ જમીનોમાં કોઇનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો નથી અને હોય તો તે જતો યાને વેઈવ કર્યો છે તેમ માની આ નોટીસની મુદત વિત્યે સદરહુ જમીનો ઉપરોકત જમીન-માલીકોની સંયુકત માલીકીની, પ્રત્યક્ષ કબજા ભોગવટા હેઠળની છે તેવું માની ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર-તકરાર ચાલશે નહીં. જેની લાગતા વળગતાઓએ ખાસ નોંધ લેવી.

ઓ : બી-૬૧૧, સ્વસ્તિક યુનિવર્સલ,
વેલેન્ટાઈન થિયેટર પાસે,
સુરત-ડુમસ રોડ, સુરત.

ડો. મેહુલ એસ. ચોકસી
જીમીત એચ. શાહ
દિવ્યપાલસિંહ એસ. ઘરિયા
તે માલિકોના એડવોકેટ્સ